# કેરળમાં દક્ષિણ-પશ્ચિમ મોનસુન પહોંચ્યું

**મોનસુનની એન્ટ્રી.........**

- કેરળના જુદા-જુદા ભાગોમાં દક્ષિણ પશ્ચિમ મોનસુનની એન્ટ્રી
- હવામાન વિભાગે મોનસુનની એન્ટ્રી થઈ હોવાના અહેવાલને સમર્થન આપ્યુ
- છેલ્લા બે દિવસથી પરિસ્થિતિ પર નજર હતી
- મોનસુન કેરળમાં સામાન્ય રીતે પહેલી જુનના દિવસે પહોંચે છે
- હવામાન વિભાગે વરસાદની સ્થિતિ ઉપર નજર રાખી છે
- હવામાન વિભાગના જણાવ્યા મુજબ આ વર્ષે સામાન્ય કરતા મોનસુની વરસાદ ઓછો રહેશે
- ભારતમાં ૯૫ ટકા સુધી વરસાદ થવાની શક્યતા
- ઓછા વરસાદની આગાહીથી ખેડુત સમુદાય ચિંતાતુર
- અલનીનોની અસર રહેવાની પણ સંભાવના
- દેશના અન્ય ભાગોમાં મોનસુન ક્યારે પહોંચશે તેને લઈને ભારે ચર્ચાઓનો દોર

નવી દિલ્હી,તા. ૬

કેરળમાં દક્ષિણ-પશ્ચિમ મોનસુનની એન્ટ્રી થઈ જતાં આખરે ખુશીનું મોજું ફરી વળ્યું છે. ચાર દિવસ સુધી વિલંબની સ્થિતિ રહ્યા બાદ આખરે કેરળના દરિયાકાંઠે મોનસુનની એન્ટ્રી થઈ હતી. હવામાન વિભાગે પણ આને સમર્થન આપી દીધું છે જેથી લોકોમાં પણ હવે આશા જાગી છે. હવામાન વિભાગ દ્વારા આને સમર્થન મળ્યા બાદ હવે સ્થિતિ કેવી રહે છે તેના ઉપર તમામની નજર રહેશે. કેરળના દરિયાકાંઠાના વિસ્તારોમાં આજે વરસાદ તૂટી પડ્યો હતો. લોકો વરસાદની મજા માણવા માટે બહાર પણ નિકળ્યા હતા. હવામાન વિભાગના અધિકારી એલએસ રાઠોડે કહ્યું હતું કે, દક્ષિણ-પશ્ચિમ મોનસુનની એન્ટ્રી થઈ ગઈ છે. છેલ્લા બે દિવસમાં કેરળમાં વરસાદની પદ્ધતિમાં અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં



આવી હતી. રાઠોડે કહ્યું હતું કે, શરૂઆતી તબક્કામાં ગતિ ધીમી રહેશે. મોનસુન સામાન્ય રીતે કેરળમાં પહેલી જુનના દિવસે પહોંચે છે પરંતુ આ વર્ષે ચાર દિવસનો વિલંબ થયો છે. ગઈકાલે હવામાન વિભાગે વરસાદ ઉપર નજર રાખી હતી. પ્રદેશમાં પવનના પ્રકાર અને વરસાદ બાદ મોનસુનના આગમનની જાહેરાત કરાઈ હતી. કેરળમાં અમારા ૧૩ સ્ટેશન છે અને કર્ણાટકમાં એક સ્ટેશન છે. છેલ્લા બે દિવસમાં ૨.૫ મિમી વરસાદ થયો છે. કેરળમાં વરસાદ થયા બાદ હવે મોનસુન આગળ વધશે. લક્ષદ્વિપ અને કર્ણાટકના ઉત્તરના આંતરીકભાગોમાં પણ વરસાદ થયો છે. દરિયાકાંઠાના આંધ્ર, રાયલસીમા, તમિલનાડુમાં ઝાપટા પડ્યા છે. ચાર વર્ષ સુધી સામાન્ય અને તેનાથી વધુ વરસાદ થયા બાદ ભારતમાં આ વર્ષે મોનસુન સામાન્ય કરતા ઓછો રહે તેવી શક્યતા છે.આ વર્ષે ૯૫ ટકા સુધી વરસાદ થવાની શક્યતા દેખાઈ રહી છે જે કૃષિ સમુદાયને નિરાશ કરે તેવી શક્યતા છે. હવામાન વિભાગનું કહેવું છે કે, અલનીનોની અસરના લીધે મોનસુનની સ્થિતિ નબળી રહેશે.




# લોકસભાના સ્પીકર તરીકે સુમિત્રા મહાજનની વરણી

નવી દિલ્હી, તા.૦૬

૧૬મી લોકસભાના સ્પીકર તરીકે ધારણા પ્રમાણે જ સુમિત્રા મહાજન આજે ચુંટાઈ આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા સ્પીકરની સર્વસમ્મતિથી ચુંટણી બદલ તમામ પક્ષોનો આભાર માન્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત તમામ પક્ષો તરફથી વરિષ્ઠ નેતાઓએ ગુરૂવારના દિવસે દરખાસ્ત રજૂ કરી હતી અને સ્પીકરના હોદ્દા માટે મહાજનના નામનું સૂચન કર્યું હતું. લોકસભામાં કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેનો પણ આમા સમાવેશ થાય છે. ઘણા રાજકીય પક્ષોએ સુમિત્રા મહાજનનું નામ સુચવ્યું હતું. મહાજનનું નામ સુચનનારમાં ૧૯ સભ્યો હતા. ૭૨ વર્ષીય મહાજન ઈન્દોરમાંથી આઠમી વખત લોકસભામાંથી ચુંટાઈ આવ્યા છે. ગૃહના અધ્યક્ષની પેનલમાં તેઓ કામ કરી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તમામનો આભાર માન્યો હતો. સર્વસમ્મતિથી તેમની



પસંદગી કરાઈ હતી. બીજી બાજુ મધ્યપ્રદેશમાંથી ૭૧ વર્ષીય નેતા સૌથી અનુભવી સંસદ સભ્યો પૈકીના એક તરીકે છે. સ્પીકર તરીકે ચુંટાઈ આવ્યા બાદ સુમિત્રા મહાજન મીરાકુમાર બાદ આ પ્રતિષ્ઠિત હોદ્દા ઉપર પહોંચનાર બીજા મહિલા બની ગયા છે. વર્ષ ૧૯૮૯ બાદથી સુમિત્રા મહાજન ક્યારેય પણ લોકસભાની ચુંટણીમાં હાર્યા નથી. તાજેતરમાં જ યોજાયેલી ચુંટણીમાં આઠમી વખત સુમિત્રા મહાજન ઈન્દૌરમાંથી ચુંટાઈ આવ્યા હતા. સુમિત્રા મહાજને ૪.૬૭ લાખ મતે જીત મેળવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સુમિત્રા મહાજન વર્ષ ૧૯૯૯થી ૨૦૦૪ વચ્ચેના ગાળામાં અટલ બિહારી વાજપેયી સરકારમાં પ્રધાન તરીકે હતા. ૧૬મી લોકસભાની એક સપ્તાહ લાંબુ સત્ર આજે શરૂ થયું હતું.

## નરેન્દ્ર મોદીની કોર્પોરેટ સ્ટાઈલથી મંત્રીઓ ચુસ્ત

નવી દિલ્હી, તા.૦૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કોર્પોરેટ સ્ટાઈલના પરિણામ સ્વરૂપે તમામ પ્રધાનો અને અધિકારીઓમાં પણ ચુસ્તી વધી ગઈ છે. ખૂબ લાંબી થીયરીમાં વાત કરવાના બદલે પોઈન્ટ બાય પોઈન્ટ મુદ્દા રજૂ કરવા તથા પ્રેક્ટીકલ નીતિ સામે લાવવા સૂચના આપવામાં આવી છે. મીટિંગ માટે તૈયાર થઈને આવવા તથા પોતાની ઓફિસને વ્યવસ્થિત રાખવાની સૂચના પણ આપવામાં આવી છે. સાથે-સાથે કામ કરનાર તમામ લોકો પાસેથી પણ મોદી આવી જ અપેક્ષા રાખી રહ્યા છે. મોદીની કેબીનેટમાં સામેલ તમામ મંત્રીઓ અને સરકારના ટોચના અધિકારીઓનો અભિપ્રાય છે કે મોદી કોર્પોરેટની જેમ કામ કરે છે. મોદી એક હાર્ડટાસ્ક માસ્ટર છે અને જ્યારે વાત કુશળતા અને વધારે મહેનતની રહે ત્યારે કોઈ બાંધછોડ કરવા માંગતા નથી.

# રાંધણ ગેસ- કેરોસીનની કિંમત વર્ષમાં એકવાર વધશે : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૬

નરેન્દ્ર મોદી સરકાર એક નવી ફોર્મ્યુલા પર આગળ વધવાની યોજના બનાવી રહી છે. જે હેઠળ વર્ષમાં એક વખત રાંધણ ગેસ અને કેરોસીનની કિંમતમાં વધારો કરવામાં આવશે. કિંમતોની સમીક્ષા માટે એક કોર ટીમની રચના કરવામાં આવશે. આ કોર ટીમમાં ઓઈલ કંપનીઓના ટોચના અધિકારીઓ અને પેટ્રોલિયમ મંત્રાલયના અધિકારીઓને સામેલ કરવામાં આવશે. પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા ભલામણ તૈયાર કરી લેવામાં આવી છે. જો તેની ભલામણને સ્વીકારી લેવાશે તો આ નિર્ણય લાગુ થશે. વર્ષની અંદર એક વખત ગેસ એન કેરોસીનની કિંમતમાં વધારો થશે. આ ટીમ દ્વારા વર્ષના અંતે ગેસ અને કેરોસીન પર થનાર નુકસાનની સમીક્ષા કરશે અને ત્યારબાદ ભાવ વધારો કરવા મામલે નિર્ણય કરશે. સરકાર કેટલો બોજ ઉપાડે અને લોકો પર કેટલો બોજ નાંખવામાં આવે તે અંગે મુલ્યાંકન બાદ નિર્ણય કરવામાં આવશે. પેટ્રોલિયમ મંત્રાલયના સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે આ સંબંધમાં દરખાસ્ત વડાપ્રધાનની કચેરીને મોકલી દેવામાં આવી છે. વડાપ્રધાનની કચેરીમાંથી લીલીઝંડી મળી ગયા બાદ આને અમલી બનાવી દેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ઓઈલ કંપનીઓને હાલમાં પ્રતિ ગેસ સિલિન્ડર પર ૮૦૦ રૂપિયાનુ નુકસાન થઈ રહ્યું છે. જ્યારે કેરોસીન પર પ્રતિ લીટર ૩૩ રૂપિયાનુ નુકસાન થઈ રહ્યું છે. આના પરિણામસ્વરૂપે કુલ ખાદ્ય ૧.૫૦ લાખ કરોડ સુધી પહોંચી ગઈ છે. સરકાર આ ખાદ્યને એક લાખ કરોડ રૂપિયાથી નીચે લાવવા માંગે છે. પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું છે કે અમે ઈચ્છીએ છીએ કે સબસિડીને તર્કસંગત સ્તર પર જાળવી રાખવામાં આવે . આના માટે અનેક વિકલ્પ પર વિચારણા ચાલી રહી છે. નવા નવા પાસા પર પણ ચર્ચા થઈ રહી છે. નિષ્ણાંતોના અભિપ્રાય મેળવવામાં આવી રહ્યા છે. આશા છે કે આવનાર સમયમાં આના હકારાત્મક પરિણામ મળી શકે છે. સુત્રોના જણાવ્યા મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાંધણ ગેસના મામલે કોઈ પણ નિર્ણય વહેલી તકે કરવાના મુડમાં નથી. હાલમાં ગેસ સિલિન્ડરની કિંમતોમાં વધારો કરવામાં આવે તેમ તેઓ ઈચ્છતા નથી. આ જ કારણસર પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા વર્ષના અંત અને વર્ષમાં એક વખત કિંમતોમાં વધારો કરવા માટેની દરખાસ્ત તૈયાર કરી છે. આ કિંમતોમાં કેટલો વધારો કરવામાં આવશે તે અંગે કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી પરંતુ ટુંક સમયમાં જ આ અંગે કોઈ નિર્ણય કરવામાં આવશે.પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા ગેસ અને કેરોસીન પર થનાર નુકસાનને ધ્યાનમાં લઈને નિર્ણય કરવામાં આવશે. વર્ષમાં એક વખત ગેસ એન કેરોસીનની કિંમતમાં વધારો કરવામાં આવસે તેવી હિલચાલને લઈને પણ રાજકીય વર્તુળોમાં ચર્ચા છે.તાજેતરમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મોદી લહેર વચ્ચે ભાજપે ઐતિહાસિક જીત મેળવી હતી. મોદીએ પ્રચાર દરમિયાન મોંઘવારીને કાબુમાં લેવાની વાત કરી હતી જેથી મોદી પાસેથી લોકો ખુબ મોટી મોટી અપેક્ષાઓ રાખી રહ્યા છે. જે પૂર્ણ કરવી પડેશે.

## યુપીએના રાજ્યપાલોને હવે તબક્કાવારરીતે જ હટાવાશે

નવી દિલ્હી,તા. ૬

કેન્દ્રમાં અગાઉની યુપીએ સરકાર દ્વારા નિમવામાં આવેલા રાજ્યપાલોને તબક્કાવારરીતે દુર કરવાની યોજના નવી નરેન્દ્ર મોદી સરકારે તૈયાર કરી લીધી હોવાનુ જાણવા મળ્યું છે. જેથી યુપીએ દ્વારા નિમાયેલા રાજ્યપાલોને દુર કરવાનો તખ્તો ગોઠવાઈ ગયો છે. એક પછી એક રાજ્યપાલોને દુર કરવાની હિલચાલ હવે શરૂ કરાશે. યુપ્રીમ કોર્ટના આદેશ છતાં તબક્કાવારરીતે હિલચાલ શરૂ થાય તેવી શક્યતા છે. ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશી, યશવંતસિંહા એન વીકે મલહોત્રાને રાજ્યપાલ તરીકે મોકલવામાં આવે તેવી શક્યતા છે. યુપીએ દ્વારા નિમવામાં આવેલા રાજ્યપાલોની સમીક્ષા હવે હાથ ધરવામાં આવનાર છે. અન્ય કેટલાકના નામ પર ચર્ચા છે. જે રાજભવનમાં રાજ્યપાલ તરીકે જઈ શકે છે. સુપ્રીમના આદેશમાં જણાવાયું છે કે કેન્દ્રમાં સરકાર બદલવાની સ્થિતીમાં રાજ્યપાલોને દુર કરવાની બાબત યોગ્ય રહેશે નહી. બંધારણની કલમ ૧૫૬(૧)માં સાફ શબ્દોમાં જોગવાઈ છે કે રાજ્યપાલ રાષ્ટ્રપતિની ઈચ્છાતી જારી રહી શકે છે. જો રાષ્ટ્રપતિનો વિશ્વાસ છે તો તે પાંચ વર્ષ સુધી હોદ્દો જાળવી શકે છે. વર્ષ ૨૦૦૪માં યુપીએ સરકારે કેટલાક રાજ્યપાલોને બદલી લીધા હતા. જેમાં ઉત્તરપ્રદેશના (વિષ્ણુકાંત શાસ્ત્રી), હરિયાણા(બાબુ પરમાનંદ), કૈલાશપતિ મિશ્રા((ગુજરાત) અને કેદારનાથ સાહની(ગોવા)નો સંમાવેશ થાય છે. આ જ વર્ષે ભાજપના સાંસદ બીપી સિંઘલે આ આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંકયો હતો. મે ૨૦૧૦માં સુપ્રીમ કોર્ટે તેનો આદેશ આપ્યો હતો કે રાજ્યપાલો કેન્દ્ર સરકારના કર્મચારી નથી. તેમનામાં વિશ્વાસ ગુમાવી દેવાની સ્થિતીમાં દુર કરી શકાય નહી.

# ગડકરી સામે નિવેદન પરત ખેંચવા કેજરીવાલનો ઈન્કાર

નવી દિલ્હી, તા.૦૬

આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે ભાજપના વરિષ્ઠ નેતા નીતિન ગડકરી સામે નિવેદન પરત ખેંચવાનો ઈન્કાર કરતાં તેમની સામે હવે ટ્રાયલ હાથ ધરવામાં આવનાર છે. ભાજપના નેતા દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધાર ઉપર બદનક્ષીના કેસમાં તેમના સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કેજરીવાલ પર આરોપો ઘડી કાઢવામાં આવ્યા છે. આઈપીસીની કલમ ૪૯૯ અને ૫૦૦ હેઠળ આરોપો ઘડવામાં આવ્યા છે. જો કેજરીવાલ આમાં દોષીત જાહેર થશે તો તેમને બે વર્ષની સજા થઈ શકે છે. જોકે કેજરીવાલે દાવો કર્યો છે કે, તેમની પાસે પુરાવા રહેલા છે. આ અગાઉ સુનાવણીમાં કોર્ટની સલાહ બાદ અરવિંદ કેજરીવાલે પોતાનું નિવેદન પરત ખેંચવાનો ઈન્કાર કર્યો હતો. નીતિન ગડકરીની સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ કેજરીવાલે કર્યો હતો. કેજરીવાલે નિવેદન પરત ન ખેંચતા ગડકરી પણ



કેસ પરત લેવાની સ્થિતિમાં નથી જેના કારણે કોર્ટે આ મામલામાં વધુ કાર્યવાહી હાથ ધરી છે. બપોરે ૧ વાગે કેજરીવાલ ઉપર આરોપો ઘડવામાં આવ્યા હતા. સવારે પટિયાલા હાઉસ કોર્ટમાં જ્યારે નીતિન ગડકરી અને અરવિંદ કેજરીવાલ પહોંચ્યા ત્યારે જજ ગોમતી મનોચાએ વકીલોને પાછળ કરીને બન્નેને આગળ આવવા માટે કહ્યું હતું અને સમજાવ્યા હતા તથા કહ્યું હતું કે, તમે બન્ને મોટા નેતા છો. કોર્ટની સામે હાથ મિલાવી લેવા જોઈએ. પોતાની તાકાત કેસમાં ખતમ કરવાના બદલે પારસ્પરિક સમજુતી કરી લેવામાં આવે તે જરૂરી છે. લોકો તેમનાથી ખૂબ અપેક્ષાઓ રાખે છે. જોકે બન્ને નેતાઓ પોતપોતાના વલણ ઉપર મક્કમ રહ્યા હતા. ગડકરીએ કહ્યું હતું કે તેઓ એક ઈમાનદાર નેતા છે. કેજરીવાલ દ્વારા કરવામાં આવેલા આક્ષેપોના લીધે તેમની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો છે. કેજરીવાલ સામે તેમની કોઈ અંગત દુશ્મનાવટ નથી. જો કેજરીવાલ પોતાનું નિવેદન પરત ખેંચી લેશે તો તેઓ સમાધાન માટે તૈયાર છે. ગડકરીએ પૂર્વ કેન્દ્રીય પ્રધાન મનીષ તિવારીનું ઉદાહરણ રજૂ કર્યુ હતું. મનીષ તિવારીએ માફી માંગી લીધી હતી. જોકે કેજરીવાલે કહ્યું હતું કે, તેઓ નિવેદન પરત ખેંચશે નહીં. તેમને પાસે તમામ આરોપોના દસ્તાવેજી પુરાવાઓ છે. ગડકરીએ કાયદાકીય લડત લડવાની તૈયારી બતાવી હતી. અત્રે નોંધનીય છે કે, આ કેસમાં પર્સનલ બોન્ડ ન ભરવા બદલ કેજરીવાલને જેલની હવા ખાવી પડી હતી.

## સમાચાર ઝલક

- ૨૦૧૩ પછીના ૬.૫ લાખ કરોડના પ્રોજેક્ટને રીવ્યુ કરાશે - વેપાર વાણિજય પ્રધાન.
- આર્થિક વિકાસ મુદ્દે મધ્યમ વર્ગીય લોકો વધુ આશાવાદી.
- મેનેજમેન્ટના વિદ્યાર્થીઓનો દબદબો : ૯૧ ટકાને નોકરીની ઓફરો.
- મોદી ઈફેક્ટ : ત્રણ દાયકા બાદ કાશ્મીરી પંડિતો લાલ ચોકમાં દેખાવો કરી શકયા.
- રાજકોટમાં પર્યાવરણ દિવસની અનોખી ઉજવણી : ૩૦૦થી વધુ લોકોએ બે મીનીટમાં ગ્રીન ટાઈ બાંધી.
- ૫૧૦ સંસદ સભ્યોએ સોગંદવિધિ લીધાનો લોકસભામાં નવો રેકોર્ડ સર્જાયો.
- એન. આર. આઈ. પાસે પૈસાની માંગણી કરનાર નવસારી મહિલા પોલીસને તત્કાળ સસ્પેન્ડ કરાયા.
- સીરીયામાં રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીમાં બસર અલ અસદનો ભારે વિજય.
- જિલ્લાઓમાં આવકના દાખલા અને જાતિ પ્રમાણપત્ર માટે તીવ્ર ધસારો.
- ક્રુડ ઓઈલ પરની કસ્ટમ ડયુટીની સમીક્ષા થશે.
- પોસ્ટઓફીસમાં હવે ઈ પોસ્ટનું ચલણ રહેશે.
- દેશભરની શાળાઓમાં જંકફૂડ ઉપર પ્રતિબંધ આવશે-મેનકા ગાંધી.
- ક્રિકેટર યુવરાજના પિતાજીને ગળાનું કેન્સર-સર્જરી ન્યુયોર્કમાં કરવામાં આવી.
- પુનામાં તોફાન, ૨૦૦ વાહનોને નુકશાન. આઈ.ટી. કંપનીના યુવાન મેનેજરની હત્યા.
- વિશ્વનું સૌથી વધુ પ્રદુષિત શહેર દિલ્હી અને દેશનું સૌથી વધુ પ્રદુષિત શહેર અમદાવાદ.
- તામિલનાડુમાં ડોકટરી કોર્સ માટે ૧ કરોડ રૂપિયાની ફી ભરવી પડશે-વાલી-વિદ્યાર્થીમાં ચિંતાનું મોજું
- આગામી દિવસોમાં ધોલેરામાં વિકાસ કાર્યોનો ધમધમાટ થશે.
- સ્ટીંગ દલાલોથી સાવધ રહેવા શ્રી નરેન્દ્રભાઈ મોદીની મંત્રીઓ-અધિકારીઓને શીખ.
- સિગારેટ-પાન મસાલામાં કાળાબજાર. બજેટ અગાઉ કૃત્રિમ અછત.

**શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)**

(પાના નં. ૪ નું ચાલુ)

આ ડિગ્રીઓની બંધ મુઠ્ઠીમાં કેવાં કેવા રહસ્યો ધરબાયેલાં છે. એની ગજબનાક રજૂઆત આ પુસ્તકમાં કરવામાં આવી છે.

રત્નયત્રી ટ્રસ્ટના કલ્પેશ શાહ દ્વારા ૧૪, ઈલોરા પાર્ક સોસાયટી, નારણપુરા ચાર રસ્તા પાસે જૈન દેરાસર સામે અમદાવાદ ખાતેથી આ પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. પ્રત્યેકની કિંમત રૂા. ૬૦ છે.

**કાવ્યસેતુ**

**પૃથ્વી**

છઠ્ઠીનું ધાવણ મને, ધવડાવતી જણનાર મા,
જિંદગીભર તું છાતીએ, રાખે ધરીત્રી માવડી !
રસ અમે પીધા કર્યો, ચૂસી તમારા દેહને,
ચીંથરેહાલે પછી, ભાસે ધરીત્રી માવડી!
પાલવે તારા અમો, પોઢ્યા હજારો સાલથી,
લીલવી કેવી હતી, શાખે ધરીત્રી માવડી!
કોલના ભંડાર'ને, તળ કેરા ખૂટવ્યા,
કંપતી કેવી પછી, ભાસે ધરીત્રી માવડી!
દોહને તારા જીવી, માનવની લાખો પેઢીઓ,
શોષણે બે-પાંચ બસ, ભાખે ધરીત્રી માવડી!
થૈ ગઇ ધીખરી ધરા, ચક્રો ઋતુના ફેરવ્યા,
હિમશીલાઓ ઓગળી, ડૂબે ધરીત્રી માવડી!
જીવવા ભંડાર છે, તારી કને અણખૂટવ્યા
લોભ સામે વામણી, લાગે ધરીત્રી માવડી!
કાં ભયંકર પૂર'ને કાં કારમો દુકાળ છે,
રૌદ્રરૂપે ચંડીકા, લાગે ધરીત્રી માવડી!
રાખવા તૂજને સદા હરિયાળી, તારા બાળકો,
આશિષ ને ઓવારણા, માગે ધરીત્રી માવડી!

- પ્રતાપસિંહ ડાભી

## જયલલિતાની ટ્રાયલ પર સ્ટે છઠ્ઠી જૂન સુધી રહેશે

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આજે તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતા સામે આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસમાં ટ્રાયલ ઉપર સ્ટે મુકવાના તેના આદેશને ૧૬મી જૂન સુધી લંબાવી દીધો હતો. બેંગલોર કોર્ટ દ્વારા અગાઉ આ આદેશ કરવામાં આવ્યો હતો. જસ્ટીસ જેએસ કેહર અને સી નાગપ્પનની બનેલી બેંચે કહ્યું હતું કે, વચગાળાનો આદેશ આગામી સુનાવણી સુધી ચાલુ રહેશે. અંતિમ સુનાવણી માટે આ મામલો હવે ૧૬મી જૂને હાથ ધરવામાં આવશે. બેંચે આગામી શુક્રવાર સુધી તેનો જવાબ રજૂ કરવા તમિલનાડુના વીજીલન્સ વિભાગને આદેશ કર્યો છે. બેંચે ડીએમકેના નેતા દ્વારા દાખલ કરવામાં આવેલી અલગ અરજી પર જયલલિતાને નોટીસ ફટકારી હતી. ડીએમકેના નેતા દ્વારા સુપ્રીમ કોર્ટ સમક્ષ તમિલનાડુના મુખ્યમંત્રી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી સામે પાર્ટી તરીકે રજૂ કરવાની માંગ કરાઈ હતી.

# ફ્રેન્ચ ઓપન : શારાપોવા અને હેલેપ ફાઈનલમાં સામ સામે

પેરિસ,તા. ૬

રશિયન ગ્લેમર ગર્લ મારિયા શારાપોવા અને રોમાનિયાની ઉભરતી સ્ટાર ખેલાડી સિમોના હેલેપ વચ્ચે શનિવારે ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનમાં મહિલાઓની સિંગલ્સ ફાઈનલ મેચ રમાનાર છે. બન્ને ખેલાડીએ પોત પોતાની હરિફ ખેલાડીને હાર આપી ફાઈનલમાં આગેકુચ કરી છે. હવે આવતીકાલે બન્ને વચ્ચે ફાઈનલમાં રોમાંચક જંગ ખેલાશે. એકબીજુ શારાપોવા હવે ફેવરીટ દેખાઈ રહી છે. બીજી બાજુ રોમાનિયાની સિમોના એકપછી એક અપસેટ સર્જી રહી છે. તેની પાસેથી ફાઈનલમાં પણ આવી જ આશા રાખવામાં આવી રહી છે. આજે રોલેન્ડ ગેરોસ ખાતે રમાઈ રહેલી વર્ષની પ્રથમ ગ્રાન્ડ ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં સેમીફાઈનલમાં તેની હરિફ ખેલાડી કેનેડાની બુચાર્ડ પર પ્રથમ સેટ ગુમાવ્યા બાદ ૪-૬, ૭-૫ અને ૬-૨થી જીત મેળવી ફાઈનલમાં આગેકુચ કરી હતી. રોલેન્ડ ગેરોસ ખાતે



સતત ત્રીજા વર્ષ તે ફાઈનલમાં પહોંચી છે. જે સાબિત કરે છે કે તે કલે કોર્ટની શક્તિશાળી ખેલાડી છે. હવે શનિવારના દિવસે મહિલાઓના વર્ગમાં સિંગલ્સની ફાઈનલ મેચ રમાશે. વર્ષ ૨૦૧૨માં શારાપોવાએ ફ્રેન્ચ ઓપનમાં ચેમ્પિયન બનવામાં સફળતા મેળવી હતી. ત્યારબાદથી તે સતત ફાઈનલમાં પહોંચી હોવા છતાં તેને ટ્રોફી જીતવામાં સફળતા મળી ન હતી. આ વખતે તેની સુવર્ણ તક પહેલાથી જ સર્જાઈ ગઈ હતી. કારણ કે તેને પડકાર ફેંકે તેવી ખેલાડી સેરેના વિલિયમ્સ, વિનસ વિલિયમ્સ અને અન્ય ટોચની મહિલા ખેલાડી પહેલાથી જ આઉટ થઈ ગઈ હતી. જેથી તેની તક વધી ગઈ હતી. શારાપોવાના ફોર્મને જોતા હવે તે હોટફેવરીટ બની ગઈ છે. સિમોનાએ સેમીફાઈનલમાં પેટકોવિક પર સીધા સેટોમાં ૬-૨ અને ૭-૬થી જીત મેળવી લીધી હતી. ૨૨ વર્ષીય સિમોના ટેનિસ સર્કિટમાં એક શક્તિશાળી ખેલાડી તરીકે ઉભરી રહી છે. તેના દેખાવથી તમામ લોકો ખુબ પ્રભાવિત થયા છે.